INDIAN NATIONAL CONGRESS
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૨૯-૦૬-૨૦૨૪**

- **મોદી પરિવારના ભાજપાના ભાંગલા નેતાઓએ ભેગા મળીને ભાવનગર ભાંગ્યુ છે. - મનહર પટેલ**
- **એક પેઢીથી ભાજપા શાસન રાજ્ય અને મહાનગર ભાવનગરમા છે, ભાવનગરની જનતાને શુ આપ્યુ ? - મનહર પટેલ.**

તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ ૨૦૦૮ મા ભાવનગરમા કહ્યુ હતુ કે "બહુ ઓછા લોકોને અંદાજ હશે કે આવતા દશ વર્ષે પછીનુ ભાવનગર કેવુ હશે, ભાવનગરનો વિકાસ ડગલા માંડીને નહી કુદકા મારીને થવાનો છે" આ વાતના ૧૦ ને બદલે ૧૬ વર્ષે થયા આજે ભાવનગરની જનતા ભાજપા નેતાઓને પુછે કે કુદકા મારીને સત્તા મેળવી પણ વિકાસની હદ કમલમ પુરતી જ કેમ રહી ? આ વાત પ્રધાનસેવકના કાન ઉપર મુકવાની હિંમત ભાવનગરના ભાજપાના આગેવાનમા કેમ નથી ? આજે ભાવનગરની જનતા બેરોજગારી,કાયદો અને વ્યવસ્થાની કથળતી હાલત,શિક્ષણ અને આરોગ્યની સમસ્યાથી પીડાય છે,તેના સીધા જવાબદાર ભાજપાની ડબલ એન્જીનની સરકાર અને સ્થાનિક ભાજપાના નેતાઓ છે.

૨૫ વર્ષમા ભાવનગરની દુર્દશાના નિર્માતા એવા ભાજપાના નેતાઓ ભાવનગરની જનતાને જવાબ આપે.

1. નામદાર ભાવનગર મહારાજા સાહેબે સર ટી હોસ્પિટલનુ નિર્માણ કર્યુ પરંતુ આજે આ હોસ્પિટલ ગંદકી,ગેરરીતી અને ભ્રષ્ટાચારનો અડ્ડો કેમ બની ગયુ ?
2. ભાવનગરના ૧૧ ગામોની દરીયા કાંઠાની ૧૨,૦૦૦ એકર જમીન મીઠાના અગર માટે કાયદાઓનુ ઉલ્લંઘન કરીને રુપાણી સરકારે ખાનગી કંપનીને સોપી દીધી, ભાવનગરના ભાજપા નેતાઓ કેમ મૌન રહ્યા ?
3. ભાજપા સરકારે ૧૯૯૫ મા ભાવનગરમા કલ્પસરનુ ગાજર લટકાવેલુ છે, ૩૦ વર્ષ થશે કોઈ ઠેકાણા નથી,ભાજપાના પાખંડીઓ નેતાઓને ભાવનગરની જનતાને હજુ ક્યા સુધી છેતરવી છે.?
4. તત્કાલીન મનમોહનસિંહની સરકારે પર્યાવરણ અને ટેકનિકલ પ્રશ્નોને લઈ દહેજ-ઘોઘા રો રો ફેરી પ્રોજેકટની ફિઝીબીલીટી બેસતી નથી,એવો સ્પષ્ટ અભિપ્રાય હોવા છતા જનતાના ૬૫૦ કરોડ રુપિયાનુ આંધણ કેમ કરવામા આવ્યુ ?

5. ૧૩ વર્ષ પેહેલા મોદીજીએ ભાવનગરમા કહ્યુ હતુ કે ભાવનગરને આધુનિક પોર્ટ મળશે, લોક ગેટની કાયાકલ્પ થશે અને ભાવનગરની જહાગીર મિલમા ડાયમંડ પાર્ક સ્થાપવામા આવશે, દસકો વિતી ગયો, ભાવનગરના ભાજપા નેતાઓ પૈકી છે કોઇની હિંમત મોદીજી સામે આ વાત મુકવાની ?

6. હમણા ભાવનગરથી ડ્રેઝિંગ ઓફિસ પોરબંદર ખાતે કેમ બદલી નાખી ?

7. હમણા ભાવનગરની આઝાદી સમયની પોસ્ટલ ડિવિઝન ઓફિસ રાજકોટ કેમ બદલી નાખી ?

8. મરીન યુનિવર્સિટીનુ વચન ભાવનગરને આપ્યુ હતુ તો દ્વારકામા કેમ જતી રહી ?

9. હમણા વાહન સ્ક્રેપ યાર્ડનુ વચન ભાવનગરને આપ્યુ હતુ તો સુરતમા કેમ ગયુ ?

10. CNG ટર્મિનલનુ વચન ભાવનગરને આપ્યુ હતુ શરુ થશે અન્ય જગ્યાએ ?

11. રાજયમા સૌથી વધુ ભાવનગર જીલ્લાના ગૌચર વેચાયા, ભાજપા નેતાઓનો અવાજ નહી ?

12. કરદેજના રેલ્વે ક્રોસિંગ માટે વર્ષો પહેલા જમીન સંપાદન થયેલ છે, કામની કેમ પ્રગતિ નહી ?

13. ભાવનગરના શિપ બ્રેકીંગ,ડાયમંડ,પ્લાસ્ટીક,કેમિકલ અને પ્લાસ્ટીક જેવા સ્થાઈ ઉદ્યોગો સામે ડબલ એન્જીનની સરકારના નકરાત્મક રવૈયાને કારણે આ તમામ ઉદ્યોગો નબળા પડયા અને તેના કારણે સ્થાનિક બેરોજગારીના પ્રશ્નો ઉભા થયા છે,પરંતુ ભાજપા નેતાઓ કેમ મૌન રહ્યા. ?

આમ તમામ બાબતોને લઈને ભાવનગર જીલ્લામા બેરોજગારી તેમજ કથળતા કાયદો અને વ્યવસ્થાને કારણે લોકો ભાવનગર છોડી રહ્યા છે ત્યારે અમારી સ્પષ્ટ માંગ છે કે ડબલ એન્જીનના મુખ્યાઓએ ભાવનગરને જે કઈ વચનો આપ્યા છે તે તમામ વહેલી તકે ભાવનગરને ઉપલબ્ધ કરાવવામા આવે અને ભાવનગરમા વર્ષોથી જે હયાત માળખાગત સુવિધાઓ છે તેને સુદૃઢ બનાવવામા આવે નહી કે છીનવી લેવામા આવે.

સાથો સાથ જીલ્લા વહીવટી તંત્રને અમે તાકીદ કરીએ છીએ કે ભાવનગર એક કલા અને સંસ્કારી નગરી છે,અહીયાના લોકોનુ સ્થળાંતર અટકાવવા માટે તંત્ર દ્વારા સકારાત્મક અભિગમ સાથે પગલા ભરવામા આવે,અને રાજ્ય સરકાર સામે છેલ્લા ૨૫ વર્ષનો ભાવનગરનો સ્પષ્ટ અહેવાલ તૈયાર કરી રજુ કરવામા આવે, અંતે કોંગ્રેસ પક્ષની માંગણી અને લાગણી ભાવનગરની જનતા રોજગારી,સુરક્ષા કે અન્ય કોઈ સરકારી સમસ્યાને કારણ ભાવનગરથી સ્થળાંતર ન કરે.

મનહર પટેલ

મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ